# મહાપર્વ નવરાત્રીના અંતિમ દિવસે મા આદ્યશક્તિનું ભાવભેર વિદાય સાથે વિસર્જન

## આઠમના હવન થયા અને નૌમનું નૈવેદ્ય ધરાવાયુ, આસ્થા અને શ્રદ્ધાના પર્વને ભક્તોએ ધામધૂમપૂર્વક ઉજવ્યુ

ગાંધીનગર, તા. ૪

વિશ્વભરમાં ગુજરાતની નવરાત્રીની આગવી ઓળખ ઉભી થઈ છે. શ્રધ્ધાપૂર્વક થતાં ગરબા, દાંડીયા અને ધાર્મિકવિધી નવરાત્રીની મૂળભૂત પારાશીશી છે. મા આદ્યશક્તિની કૃપા પ્રાપ્ત કરવા નવરાત્રી દરમ્યાન નવસ્વરૂપોની પૂજા અર્ચના અને હોમ-હવન અપાર શ્રદ્ધાથી થાય છે. માતાજીના પ્રસાદ નૈવેધને સૌ કોઈ ગ્રહણ કરી આદ્યશક્તિની અમી નજરને પ્રાપ્ત કરવાના ઓરતાં હોય છે. પવિત્ર પર્વ નવરાત્રીના નવ દિવસ માતાજી સમક્ષ વિધિ-વિધાનપૂર્વક પૂજા અર્ચન કરી દશમના દિવસે શુભ ચોઘડીયામાં જગદંબાનો જયજયકાર કરી વિદાય સાથે ભાવુક હૃદયે વિસર્જન કરવામાં આવે છે.



રાજયભરના દૈવી મંદિરો તથા શ્રધ્ધાળુઓના નિવાસસ્થાન નવ દિવસની ઝાકમઝોળ, પૂજા અર્ચના અને ગરબાના ધ્વનિથી ધમધમતા હતા તે સુનાસુના થઈ ગયા છે. નવરાત્રી પર્વના પ્રથમ દિવસે આદ્યશક્તિનું સ્થાપન કરાય છે જેમાં ઘટસ્થાપન, જ્વેરા, અંખડજ્યોત તથા પૂજન અર્ચનથી થયેલો મંગલ પ્રારંભ નવદિવસ દરમ્યાન માતાજીના નવ સ્વરૂપોના પૂજન આરતી, પ્રસાદ, સ્તુતી અને ગરબાથી હર્યોભર્યો થઈ જતો હોય છે. વર્ષ દરમિયાન માતાજીની થતી પૂજાથી અલગ જ નવરાત્રીના નવ દિવસ પૂજા પાઠ થાય છે. આ પર્વ દરમિયાન વંશ પરંપરાગત તેમજ કરવઠા મુજબ અનુષ્ઠાન, વ્રત, જંપ તથા પૂજા પાઠ કરવા પડે છે. શક્તિ અને ભક્તિના અનોખા સંગમ સમા નવરાત્રીના પર્વનો માતાજીની કૃપા માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. શ્રદ્ધાળુઓ દ્વારા રખાયેલી માતાજીની માનતાઓ પણ આ પર્વ દરમિયાન પૂર્ણ કરાય છે. જેમકે માટીની માટલી (ગરબો) માં દિપ પ્રાગટ્ય કરી માથે મુકી નવ દિવસ સ્વગૃહે ગરબો કરવો અને માતાજીના પાંચ ગરબા ગાવા વગેરે આસ્થાઓ વણાયેલી છે. આઠમના દિવસે માતાજીના હોમ-હવન કરાય છે. જેમાં અનેક આહુતી આપી દોષમાંથી મુક્ત થવાની માન્યતા છે. જ્યારે નોમના દિવસે માતાજીને નૈવેધ ધરાવાય છે. દરેક વ્યક્તિ પોતાની કુળદેવીને નવરાત્રી પર્વના આ દિવસે ખાસ યાદ કરી પોતાના વતને પહોંચી કુટુંબકબીલા સાથે માતાજીને નૈવેધ ધરાવી પ્રસાદ ગ્રહણ કરે છે.

નોમના બીજા દિવસે એટલે કે દશમના દિવસે માતાજીને વિદાય અપાય છએ. પરંતુ ચાલુ વર્ષે નોમ અને દશેરા સંયુક્ત તિથી હોવાથી નોમની બપોરે શ્રેષ્ઠ મુર્હૂત અને ચોઘડીયામાં માતાજીની આરતી, પ્રસાદ લઈ જય જય કાર સાથે ભાવુક હૃદયે વિદાય આપી વિસર્જન કરાય છે તેમજ ભક્તિભાવપૂર્વક ઉજવેલા નવરાત્રીમાં કોઈ જ ભુલ રહી ગઈ હોય તો બાળક સમજી ક્ષમા કરવા પણ માતાજીને આજીજી કરાય છે.

# રાજપૂત સમાજ દ્વારા વિજયા દશમીએ શસ્ત્રપૂજન યોજાયું

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના રાજપૂત સમાજ દ્વારા જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટના સહયોગથી ૩૯મો વિજયાદશમી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં બાયડના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણા, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, મહેસુલ ખાતાના નાયબ સચિવ વિજયસિંહ મંડોરા ઉપસ્થિત રહ્યા હતા.

આ મહોત્સવમાં પરંપરાગત રીતે શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં કરણસિંહ ચાવડા, અજીતસિંહ રાઠોડ, સૂર્યસિંહ ડાભી, અભેસિંહ રાઠોડ ઉપરાંત પૂર્વ પ્રમુખો, દાતાઓ અને અનેક ગામોમાંથી, તાલુકાઓમાંથી અને શહેરોમાંથી મોટી સંખ્યામાં રાજપૂત સમાજના સભ્યો પોતાના શસ્ત્રો સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ શસ્ત્રપૂજનની સાથે કોમ્પ્યુટર, સરસ્વતી અને લાયબ્રેરી પૂજન પણ યોજવામાં આવ્યા હતા. અને મહાઆરતી કરવામાં આવી હતી. આ સમારંભમાં રાજપૂત સમાજના આગેવાનોએ આગામી સમયમાં શિક્ષણ, રોજગારી અને સંગઠનને લગતી રચનાત્મક પ્રવૃત્તિઓ કરવા અને દશેરા નિમિત્તે અહંમ, ઈર્ષ્યા, અદેખાઈ વગેરે દુર્ગુણોને ત્યજવા હાંકલ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં શહેર અને જિલ્લા પ્રમુખો કરૂણસિંહ વાઘેલા અને વિક્રમસિંહ ગોલે ભારે જહેમત ઉઠાવી હતી.

## નવમું નોરતુ
### કલ્ચરલ ફોરમના ગરબામાં આજના વિજેતાઓ

| કેટેગરી | વિજેતા ખેલૈયા |
|---|---|
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - બોયઝ | વ્યોમ રાવલ - વિનર |
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - | માલવ પટેલ - રનર્સઅપ |
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - ગર્લ્સ | નાઝ અંસારી - વિનર |
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - ગર્લ્સ | આસ્થા વર્દીવાલે - રનર્સ |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) બોયઝ | સ્મિત કંદાઈ - વિનર |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) બોયઝ | સ્મિત પટેલ- રનર્સ અપ |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) - ગર્લ્સ | કલગી પારેખ - વિનર |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) - ગર્લ્સ | અનમોલ પટેલ - રનર્સ અપ |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - બોયઝ | રૂકમીત સોની - વિનર |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - બોયઝ | ઝીલ ચૌધરી - રનર્સ અપ |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - ગર્લ્સ | ઈશા ભટ્ટ - વિનર |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - ગર્લ્સ | જલધિ પટેલ - રનર્સ અપ |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સ | સૌરીન શાહ - વિનર |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સ | નૈમિલ પટેલ - રનર્સ અપ |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ | માર્ગી એન્જીનીયર - વિનર |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ | ધન્વી ઝાલા - રનર્સ અપ |
| બેસ્ટ કિંગ (૪૦ વર્ષથી ઉપરના) | નરેન્દ્ર મંડિર - વિનર |
| બેસ્ટ કિંગ (૪૦ વર્ષથી ઉપરના) | નૈમિષ ભટ્ટ - રનર્સઅપ |
| બેસ્ટ ક્વીન (૪૦ વર્ષથી ઉપરના) | નિલિમા ભટ્ટ - વિનર |
| બેસ્ટ ક્વીન (૪૦ વર્ષથી ઉપરના) | વૈશાલી ભારતી - રનર્સ અપ |
| બેસ્ટ પેર | રવિન્દ્ર નિબાંલકર-વિરસિંહ રાઠોડ - વિનર |
| બેસ્ટ પેર | ખુશ્બુ ભાવસાર-ખુશ્બુ હાડા - રનર્સ અપ |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સ | નિતીન શિકારી - વિનર |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સ | અનિરૂદ્ધસિંહ ડોડીયા - રનર્સ અપ |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સેસ | વૈદેહી મુંધવા - વિનર |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સેસ | શ્વેતા પરમાર - રનર્સ અપ |

# આજે સવારે ઘ-૪ સર્કલે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં માતૃભાષા અભિયાન અમદાવાદ અને આત્મન ફાઉન્ડેશન દ્વારા દર મહિનાના પહેલા રવિવારે પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે. આ મહિને પણ તા. ૫મી સપ્ટેમ્બર રવિવારે ઘ-૪ સર્કલ પર પુસ્તક પરબનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પુસ્તક પરબનો સમય સવારે ૭.૩૦ થી ૯ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે. આ પુસ્તક પરબમાં દરેક વ્યકિત બે પુસ્તક વિના મુલ્યે મેળવી શકશે.

આ પુસ્તક પરબ દ્વારા સારા વિચારો, સારું વાંચન અને સારા પુસ્તકોનો વ્યાપ વધુને વધુ લોકો સુધી પહોંચે તે માટે નગરજનોને પુસ્તકો દાનમાં આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ઘ-૪ સર્કલ પાસેથી સે-૭ના યુવાનનું બાઈક ચોરાયું...!

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેકટર-૭-એ પ્લોટ નં. ૩૦૨/૨માં રહેતો વિપુલ જોષી નામનો યુવાન ગઈ કાલે સાંજના અરસામાં પોતાનું બાઈક લઈને ઘ-૪ ગયો હતો. બાઈક પાર્ક કરીને તે ઘ-૪ થી બહાર ગયો હતો અને જયારે ફરત ફર્યો ત્યારે જોયું તો બાઈક ગાયબ હતું કોઈ શખ્સ તેના ૧૦ હજારની કિંતમના બાઈકની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. સે-૭ પોલીસે આ બનાવ અંગે વાહન ચોરીનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

# સે. ૩૦માં સ્થિત પમ્પીંગ સ્ટેશન પર કેબલ ચોરીનો પ્રયાસ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરની સેક્ટર-૩૦ ખાતે મુક્તીધામ પાસે સ્થિત પમ્પીંગ સ્ટેશનમાં ગઈકાલે કોઈ શખ્સ કેબલ વાયર ચોરી કરવા પહોંચી ગયુ હતુ. ૨૫ મીટરનો કેબલ વાયર તેણે કાપી પણ નાંખ્યો હતો. તે અરસામાં અચાનક તેના પર વોચમેનનું ધ્યાન જતાં વોચમેને બુમ પાડી હતી અને બુમ સાંભળીને ગભરાઈ ગયેલો કેબલ ચોર શખ્સ ત્યાંથી રફફુચક્કર થઈ ગયોહતો. કેબલ ચોરીમાં તે શખ્સ સફળ રહ્યો ન હતો. આ સંદર્ભે સે. ૨૧ પોલીસે કેબલ ચોરીના પ્રયાસની ફરીયાદ લઈને કેબલ ચોર સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર શહેર આસપાસના કેટલાક વિસ્તારોમાં સ્થિત ફાર્મહાઉસો તથા બોરકુવાઓ પર કેબલ ચોરીના પુષ્કળ બનાવો બનવા પામ્યા હોવાનું પોલીસ ચોપડે નોંધાયેલુ છે.



# ગુજરાત યુનિવર્સિટી સાઉથ ઝોન ઈન્ટર કોલેજ ચેસ ટુર્નામેન્ટમાં સરકારી વાણિજય કોલેજ ચેમ્પિયન

જે.જે. કોલેજ ઓફ સાયન્સ, નડિયાદ ખાતે ગુજરાત યુનિવર્સિટી દક્ષિણ વિભાગની કોલેજની ચેસ ટુર્નામેન્ટનું આયોજન થયેલ હતું. જેમાં સરકારી વાણિજય કોલેજ સે-૧૫, ગાંધીનગરની કોલેજ ચેમ્પિયન થયેલ છે. આ ટુર્નામેન્ટમાં કોલેજના વિદ્યાર્થી રાજ બિહાગ ફતેસિંહ અને વરીયા આશીષકુમાર પ્રવિણભાઈ કોલેજ તરફથી ભાગ લઈ કોલેજને ચેમ્પિયન બનાવેલ અને ગુજરાત યુનિ. ઈન્ટર ઝોન માટે પસંદગી પામેલ જે બદલ કોલેજના આચાર્યએ તેઓને અભિનંદન પાઠવ્યા હતાં.

# દારૂના નશામાં સ્કૂટર લઈને ફરતો શખ્સ ઝડપાયો

## એલસીબીએ લથડીયા ખાતા-ખાતા જઈ રહેલા સ્કૂટર ચાલકને સે. ૩૦ સર્કલથી પકડ્યો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના સે. ૩૦ સર્કલ પાસે ગાંધીનગર એલસીબીની ટીમ ચેકીંગમાં હતી તે દરમિયાન એક સ્કૂટરચાલક આમ-તેમ સ્કૂટર ચલાવીને જઈ રહેલો દેખાતા તેને ઉભો રાખીને એલસીબીએ ચેક કર્યો હતો. દારૂ પીધો હોવાથી અત્યંત દુર્ગંધ આવતા તે શખ્સને પકડી લઈને એલસીબીએ મેડીકલ માટે મોકલી સે. ૨૧ પોલીસને સોંપી દીધો છે.

ગાંધીનગર એલસીબીની ટીમ સે. ૩૦ સર્કલ પાસે ગઈકાલે સાંજના અરસામાં ચેકીંગમાં હતી. તે દરમિયાન એક સ્કૂટર ત્યાંથી પસાર થયુંહતું. સ્કૂટર ચાલક આમથી તેમ સ્કૂટર ડોલાવી રહ્યો હતો તેના પર શંકા જતાં એલસીબીની ટીમે તેને ઉભો રખાવી મ્હો સુંઘતા અત્યંત દારૂની દુર્ગંધ આવતી હતી. દારૂના નશામાં સ્કૂટર ચલાવી રહ્યો હોવાનું ધ્યાને આવતા પોલીસે પેથાપુર અંબિકાચોકના નરેન્દ્ર રતિલાલ ભાવસાર નામના શખ્સની ધરપકડ કરીને સે. ૨૧ પોલીસને સોંપી દીધો છે. સે. ૨૧ પોલીસે પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગોલ્ડન જ્યુબિલી બ્લડ ડોનર

# સંજય થોરાત કલ્પતરૂના ચેરમેન મોફતરાજ મુનોત દ્વારા સન્માનિત

ગાંધીનગર, તા. ૪

‘રક્તદાન-મહાદાન’ના સૂત્રને આત્મસાત કરનાર ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાતે ૫૦મી વખત રક્તદાન કરી એક નવું સિમાચિહ્ન મેળવ્યું છે. સંજય થોરાત કલ્પતરૂ કંપનીમાં ૧૭ વર્ષથી કાર્યરત છે. કલ્પતરૂ કંપનીના ચેરમેન મોફતરાજ મુનોતના ૭૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે યોજાયેલા બ્લડ ડોનેશન કેમ્પમાં એમણે રક્તદાન કરી ૫૦મી વખત રક્તદાન કરવાની સિદ્ધિ હાંસલ કરી હતી.

એમની આ સિદ્ધિને બિરદાવતા કલ્પતરૂના ચેરમેન મોફતરાજે એમના હસ્તે પ્રોત્સાહન આપી એમને સન્માનિત કર્યા હતા. કલ્પતરૂ કંપની કલ્પસેવા આરોગ્ય કેન્દ્ર દ્વારા તદ્દન નજીવી ફી માં દર્દીઓની સેવા કરે છે અને એમાં ચેરમેનના સમાજ સેવાનો દષ્ટિ ઉદ્દેશ્ય સ્પષ્ટ છે. સંજય થોરાત અવીરત રક્તદાન કરી ૧૦૦નાં લક્ષ્યાંકને પાર પાડે એવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.



સંજય થોરાત ગાંધીનગર સમાચારના કટાર લેખત છે. એમની ‘હલ્લો ફ્રેન્ડ્સ’ કોલમ યુવાનોને અને ‘ઉઘડતે પડદે’ કોલમ સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં રસ ધરાવનારાઓને આકર્ષે છે. સમાજસેવાના ભાગરૂપે તેઓ મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગરના ઉપાધ્યક્ષ છે. સદવાંચન પરિવારના મંત્રી અને આત્મ ફાઉન્ડેશનના તેઓ સભ્યપદે રહી વિવિધ સામાજીક સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવે છે. ૫૦મી વખત રક્તદાન કરી ગોલ્ડન જ્યુબિલી ડૉનર બનનારા સંજય થોરાતને દરેક ક્ષેત્રમાંથી અનેક શુભેચ્છાઓ મળી રહી છે.

## મેઘા ફાઈનલના વિજેતા
### કલ્ચરલ ફોરમના ગરબામાં આજના વિજેતાઓ

| કેટેગરી | વિજેતા ખેલૈયા |
|---|---|
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - બોયઝ | તનુજ ઠક્કર - વિનર |
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - બોયઝ | હેત શાહ - રનર્સઅપ |
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - ગર્લ્સ | કાવ્યા પરીખ - વિનર |
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - ગર્લ્સ | દેવાંશીબા ઝાલા - રનર્સ |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) બોયઝ | જૈનીલ મકવાણા - વિનર |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) બોયઝ | અભિષેક સોની અપ |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) - ગર્લ્સ | ઝીલ મંથન ભટ્ટ - વિનર |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) - ગર્લ્સ | અનમોલ પટેલ - રનર્સ અપ |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - બોયઝ | મનન ભટ્ટ - વિનર |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - બોયઝ | નિકેત સોલંકી - રનર્સ અપ |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - ગર્લ્સ | અંજલિ તન્ના - વિનર |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - ગર્લ્સ | જલધિ પટેલ - રનર્સ અપ |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સ | રવિરાજ દેસાઈ - વિનર |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સ | અભિજીત ચારણિયા - રનર્સ અપ |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ | નિપા પટેલ - વિનર |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ | મીરાં ચૌહાણ - રનર્સ અપ |
| બેસ્ટ કિંગ (૪૦ વર્ષથી ઉપરના) | કિલ્લોલ દવે - વિનર |
| બેસ્ટ કિંગ (૪૦ વર્ષથી ઉપરના) | ભાવેશ એરડા - રનર્સઅપ |
| બેસ્ટ ક્વીન (૪૦ વર્ષથી ઉપરના) | બીના દેસાઈ - વિનર |
| બેસ્ટ ક્વીન (૪૦ વર્ષથી ઉપરના) | મેઘલ એરડા - રનર્સ અપ |
| બેસ્ટ પેર | હર્ષ ઘોઘારી એન્ડ નિરવ ગઢવી - વિનર |
| બેસ્ટ પેર | મહર્ષિ ઠાકર એન્ડ ક્ષમા ઠાકર - રનર્સ અપ |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સ | નવદીપ બારોટ - વિનર |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સ | મિહિર જોષી - રનર્સ અપ |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સેસ | પ્રાચી રામી - વિનર |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સેસ | રાજવી શાહ - રનર્સ અપ |

# ગુજરાતમાંથી ભાજપ કોંગ્રેસના નેતાઓના મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર માટે ધામા

ગાંધીનગર, તા. ૪

મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર માટે ગુજરાત ભાજપ અને કોંગ્રેસના નેતાઓએ ધામા નાખ્યા છે. ભાજપે નેતાઓ અને કાર્યકરોની ફોજ મેદાનમાં ઉતારી છે.

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ચૂંટણી પ્રચારે વેગ પકડ્યો છે. આ ચૂંટણીજંગ જીતવા માટે ભાજપ કોંગ્રેસ, એન.સી.પી. મનસોના અનો શીવસોનાએ એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ત્યારે ચૂંટણી પ્રચારમાં મદદરૂપ થવા બીજા રાજ્યોમાંથી ભાજપ કોંગ્રેસે નેતાઓ કાર્યકરોને મેદાનમાં ઉતાર્યા છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ભાજપે કેટલાક રાજ્યોના પ્રદેશ નેતાઓ મંત્રીઓ ધારાસભ્યો અને કાર્યકરોની ફોજ મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર માટે મેદાનમાં ઉતાર્યા છે. ગુજરાતમાં ગરીબ કલ્યાણ મેળાના કાર્યક્રમમાં પણ બદલાવ કરવામાં આવ્યો છે અને મંત્રીઓને મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર માટેની જવાબદારીઓ સોંપવામાં આવી છે.

ગુજરાતમાં હવે ગરીબ કલ્યાણ મેળાનો બીજો તબક્કો ૨૦મી બાદ હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૩
સૂર્યાસ્ત : ૬.૨૨

## તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૫૨ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
બેંગ બેંગ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :
હૈદર : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૩ :
બેંગ બેંગ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

: સ્ક્રીન-૪ :
હૈદર : ૧૧.૦૦
૩ એ.એમ. : ૨.૩૦
ખૂબસૂરત : ૪.૪૫
ગોવિંદુદુ અન્ડારીવાડેલે : ૭.૦૦

: સ્ક્રીન-૫ :
બેંગ બેંગ : ૧૦.૦૦
હૈદર : ૨.૧૫, ૫.૧૫, ૮.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
બેંગ બેંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
હૈદર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :
બેંગ બેંગ : ૯.૩૦, ૩.૩૦, ૯.૩૦
હૈદર : ૧૨.૩૦, ૬.૩૦

## આપની આજ

**મેષ** : આર્થિક સંપન્નતા વધશે. દઢ નિશ્ચયની પ્રવૃત્તિને કારણે કાર્યામાં વિજય પ્રાપ્ત થઈ શકે છે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**વૃષભ** : આર્થિક ઉન્નતિ થશે. મુશ્કેલીઓ દૂર થશે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**કર્ક** : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે.

**સિંહ** : જ્ઞાનવૃદ્ધિ માટે સ્વાધ્યાયમાં રુચિ વધશે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે.

**કન્યા** : વ્યાપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે.

**તુલા** : દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે.

**વૃશ્ચિક** : સગા-સંબંધીઓથી મુલાકાત થશે. લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો.

**ધન** : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

**મકર** : પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે. મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે.

**કુંભ** : ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે.

**મીન** : અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળશે. નકામો તનાવ, મુશ્કેલી રહેવાની સંભાવના છે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે.

## ચિરવિદાય

- સ્વ. દેવેન્દ્રભાઈ મણીલાલ ભાવસાર (ઉ.વ.૫૮) ડીએફ-૭, જીઆઈડીસી, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર
- સ્વ. વિજયાબેન રમણભાઈ પટેલ (ઉ.વ.૬૯) પ્લોટ નં. ૩૨૮, સેક્ટર-૮બી, ગાંધીનગર